# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-03-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- રાજ્યમાં યોજાનારી ચૂંટણીઓ અંગે આદર્શ આચારસંહિતા અમલી થતા સમગ્ર રાજ્યમાં ચૂંટણીતંત્રે કાર્યવાહી હાથ ધરી.
- રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી - NTA 15 મે થી 31 મે વચ્ચે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં અંડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટેની પરીક્ષા યોજાશે.
- ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદેશી વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાના કેસમાં બે વ્યક્તિઓની પોલીસે ધરપકડ કરી છે.
- અદાણી મેડિકલ કોલેજમાં આજે કચ્છ યુનિવર્સિટીના ઉપકુલપતિ મોહન પટેલની ઉપસ્થિતિમાં પદવીદાન સમારંભ યોજાયો.
- ચાર દિવસીય સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્સ્પો-2024નું આવતીકાલે સમાપન થશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Implementation of the Code of Conduct

રાજ્યમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અને પાંચ વિધાનસભાની પેટા ચૂંટણીઓ અંગે આદર્શ આચારસંહિતા અમલી થતા સમગ્ર રાજ્યમાં ચૂંટણીતંત્રે કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં પહેલા જ દિવસે જાહેર મિલકતો પરથી 4 હજાર 918 પ્રચારાત્મક સામગ્રીઓ હટાવી લેવામાં આવી છે. જ્યારે ખાનગી 2 હજાર 110 પ્રચારાત્મક સામગ્રીઓ હટાવી લેવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી.કે.એ જણાવ્યું હતું કે અમદાવાદ જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલીકરણની કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેવાની છે. જિલ્લામાં આદર્શ આચારસંહિતાના ચુસ્ત અમલીકરણ માટે જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ છે અને સક્રિયપણે સતત કામગીરી કરી રહ્યું છે.

લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ને લઈ રાજકોટમાં આદર્શ આચારસંહિતા અમલી બન્યું છે. આજે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર રાજકોટ જિલ્લામાં વિવિધ જગ્યાઓએથી ૪ હજાર ૮૦૦ થી વધુ પ્રચારાત્મક લખાણો, બેનર, કટ, આઉટ વગેરે દૂર કરવામાં આવ્યા હતા.

મહીસાગર જીલ્લામાં લોકસભા ચૂંટણીને લઈ પોલીસ એલર્ટ થઈ ગઈ છે. જીલ્લાના અલગ અલગ વિસ્તારમાં પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ હતી. જિલ્લાના ખાનપુર લુણાવાડા અને સંતરામપુર સહિતના વિસ્તારમાં ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી.

કચ્છ જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા કચ્છ લોકસભા બેઠક પર મુકત અને ન્યાયી મતદાન-ચુંટણી યોજાય તે માટેની કવાયત હાથ ધરવામા આવી છે.

દરમ્યાન જ આજે જીલ્લા મથક ભુજ ખાતે જિલ્લા કલેકટર અમિત અરોરાએ પણ પત્રકારો મારફતે ચૂંટણી લક્ષી તૈયારીઓ તથા આદર્શ આંચારસંહીતા સહિતના વિષયો પર વિસ્તૃત માહીતી આપી હતી. આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ભારતના ચુંટણી પંચ તરફથી સૂચનાઓ આપવામાં આવી છે.કચ્છ જિલ્લા મેજીસ્ટ્રેટ અમિત અરોરાએ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) મુજબ રાજકીય પક્ષો, ઉમેદવારો, રાજકીય કાર્યકરો, સમર્થકો એ નિયત મંચ સિવાય લાઉડ સ્પીકરનો ઉપયોગ નહીં કરવાં. લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતાં પહેલાં સક્ષમ અધિકારીની મંજૂરી મેળવવાની રહેશે. રાત્રિના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહીં. ફરતાં વાહન પર લાઉડ સ્પીકર વગાડવા માટે વાહનની મંજૂરી સક્ષમ અધિકારી પાસેથી મેળવી તેનો ઉપયોગ કરવાનો રહેશે.

અરવલ્લી જિલ્લામાં આદર્શ આચારસંહિતના અમલ સાથે નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારી એ જણાવ્યુ હતું. ચૂંટણીની તારીખ જાહેર થતાં જ જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી બની છે. જેમાં જિલ્લામાં પોસ્ટર, બેનર્સ અને હોર્ડિંગ્સ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું પણ તેમણે ઉમેર્યુ હતું. આદર્શ આચારસંહિતાના અમલમાં નિષ્પક્ષ રીતે ચૂંટણી કાર્યવાહી થાય તે માટે ચૂંટણી સંબંધી કોઇપણ ફરિયાદ મતદાર સંબંધી હેલ્પલાઇન "સી-વિઝીલ" મોબાઇલ એપથી પણ ફરીયાદ કરી શકાશે જેમાં ૧૦૦ મિનિટમાં ફરીયાદનું નિવારણ કરાશે તેમ તેમણે જણાવ્યું હતુ. આ ઉપરાંત ૧૯૫૦ ટોલ ફ્રી નંબર પર કોલ કરીને પણ ફરિયાદ કરી શકાશે તેમ પણ તેમણે જણાવ્યુ હતું.

પાટણમાં જિલ્લા ચૂંટણી અધિકારી અરવિંદ વિજયનની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે રાજકીય પક્ષો સાથે ચૂંટણી આચાર સંહિતા સંબધિત સૂચનાઓ અંગેની બેઠક યોજાઇ ગઈ બેઠકમાં રાજકીય પક્ષો અને ઉમેદવારોએ આદર્શ આચાર સંહિતા દરમિયાન કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં ચૂંટણી સમયે છાપવામાં આવતા ચોપાનિયા, પોસ્ટર્સ, ભીંતચિત્રો, છાપવા બાબતે નિયમોમાં રહીને કામગીરી કરવા બાબત, પત્રિકાઓ, પોસ્ટરો વગેરે છપાવવા ઉપરના નિયંત્રણો, વાહનોના ઉપયોગ બાબત, પ્રચાર-પ્રસાર બાબત વિશે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બિજલ શાહના માર્ગદર્શન હેઠળ વડોદરા શહેર જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અસરકારક અમલીકરણ માટે વડોદરા શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.આ ઉપરાંત શહેર જિલ્લાના ૧૦ વિધાનસભા મત વિભાગદીઠ નોડલ અને મદદનીશ નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિવેક ટાંકે જણાવ્યું હતું કે શહેર જિલ્લાની જાહેર મિલકતો પરથી ૭૪૮ દિવાલો પરના લખાણો, ૩૮૫ પોસ્ટર્સ તથા ૨૩૨ બેનર્સ તેમજ ૬૭૫ જેટલી અન્ય પ્રચારાત્મક સામગ્રી સહિત કુલ ૨હજાર ૪૦ જ્યારે ખાનગી મિલકતો પરથી ૩૦૭ દિવાલ પરના લખાણો, ૩૫૭ પોસ્ટર્સ, ૧૭ બેનર્સ અને ૨૫૩ અન્ય ૯૩૪ સહિત કુલ ૨હજાર ૯૭૪ જેટલી રાજકીય પક્ષોની પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે.

લોકસભાની ચૂંટણીઓની તારીખ જાહેર થતાં નવસારી જિલ્લામાં આચારસંહિતાના ચુસ્ત અમલ માટે તંત્ર દ્વારા શહેર-જિલ્લાની તમામ ચાર વિધાનસભા વિસ્તારમાં પ્રથમ દિવસે પબ્લીક તથા ખાનગી સ્થળોએથી 436 વોલ પેઇન્ટિંગ, 471 પોસ્ટરો, 269 બેનરો તથા અન્ય 366 મળી કુલ 1 હજાર 542 પ્રચાર સામગ્રી દુર કરવામાં આવી હતી. જલાલપોર માંથી 320, નવસારીમાંથી 292, ગણદેવીમાંથી 363 અને વાસદમાંથી 567 જેટલા વોલ પેઇન્ટિંગ, પોસ્ટરો, બેનર સહિતની પ્રચાર સામગ્રી દુર કરવામાં આવી છે.

--------------

## NTA EXAM

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી - NTA દ્વારા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 15 મે થી 31 મે વચ્ચે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટેની પરીક્ષા યોજાશે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષ એમ જગદીશ કુમારે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું છે કે રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા અને તેમનું ભૌગોલિક સ્થાન અરજીની છેલ્લી તારીખ 26 માર્ચ પછી જાણી શકાશે.

તેમણે કહ્યું કે NTA આ માહિતી અને મતદાનની તારીખોના આધારે 15 મે અને 31 મે વચ્ચે પરીક્ષાની તારીખો નક્કી કરશે.

------------

## AHD- External Affairs Ministry in touch with Gujarat government

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદેશી વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાના કેસમાં બે વ્યક્તિઓની પોલીસે ધરપકડ કરી છે. આ સમગ્ર કેસમાં વિદેશ મંત્રાલય રાજ્ય સરકારના સંપર્કમાં છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ગઇકાલે ગુજરાત યુનિવર્સિટીમાં હિંસાની ઘટના બની હતી. રાજ્ય સરકાર ગુનેગારો સામે કડક કાર્યવાહી કરી રહી છે. આ અથડામણમાં બે વિદેશી વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. જેમાંથી એકને તબીબી સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

અમારા અમદાવાદના પ્રતિનિધિ કરણ પરમારે જણાવ્યું છે કે ગઇકાલે મોડી રાત્રે કેમ્પસમાં થયેલી મારામારીમાં ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો વિદેશી વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ થયો હતો.

------------

## KUTCH- ADANI MEDICAL UNI. PADAVIDAN

કચ્છમાં આવેલા અદાણી મેડિકલ કોલેજમાં આજે કચ્છ યુનિવર્સિટીના ઉપકુલપતિ મોહન પટેલની ઉપસ્થિતિમાં પદવીદાન સમારંભ

યોજાયો હતો. 2018ની બેચના 144 વિદ્યાર્થીઓને ડોક્ટરની પદવી એનાયત કરતાં ડો.પટેલે કહ્યું હતું કે સમાજ ડોક્ટરોમાં ભગવાનને જુએ છે, તેથી ડોક્ટરોની જવાબદારી વધી જાય છે.

મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં તમામ નવોદિત ડોક્ટરના માતા-પિતાની ઉપસ્થિતિમાં ડો.પટેલે મેડિકલ જગતમાં તબીબોને જણાવ્યું હતું કે 21મી સદી આરોગ્ય સંભાળની છે. તેથી અનેક પડકારો આ ક્ષેત્રમાં રહેલા છે, તેથી નીતિમત્તા જાળવીને ડોકટરના વ્યવસાયને દીપાવજો ઉપરાંત કચ્છ યુનિવર્સિટીનું નામ રોશન કરવા અને માતા-પિતાના ત્યાગને હંમેશા યાદ રાખવા પણ જણાવ્યું હતું.

-------

## SURAT- EXPO-2024

સુરત ઇન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર સરસાણા ખાતે આયોજીત ચાર દિવસીય સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્સ્પો-2024નું આવતીકાલે સમાપન થશે. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા 15 થી 18 માર્ચ દરમિયાન ઓટો એક્સ્પોનું આયોજન કરાયું છે.

જેમાં પશ્ચિમ ભારતના સૌથી મોટા કમ્પોઝીટ ઓટો એક્ઝીબિશનમાં 70 થી વધુ એક્ઝીબીટર્સ દ્વારા કાર, 3 વ્હીલર, કોમર્શિયલ વ્હીકલ્સ, ઓટો એસેસરીઝ તથા વર્કશોપને લગતી મશીનરી પ્રદર્શિત કરાઇ રહી છે. જેમાં

ખાસ કરીને રૂપિયા સાડા ચાર લાખથી લઇને સાડા ચાર કરોડ સુધીની કારો, મોટર સાયકલો અને વીન્ટેજ કારો આકર્ષણનું કેન્દ્ર બની  છે. દરમિયાન આજે આ એક્ઝીબીશનમાં બાઇક રાઇડર્સ દ્વારા સ્ટંટ શો યોજાયો હતો, જેનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધી હતો.

------------

# SURAT SHUTING

સુરત જિલ્લામાં  સુરત રાયફલ શૂટિંગ એસોસિએશન દ્વારા 16 થી 18 માર્ચ સુરત ડિસ્ટ્રિક્ટ શૂટિંગ ચેમ્પિયનશિપની રમાઇ રહી છે. જેમાં સમગ્ર ગુજરાતથી 250 શૂટર્સ ભાઈઓ-બહેનોએ ભાગ લઈ રહ્યાં છે. આ સ્પર્ધામાં સુરત શહેરના આઈએએસ અને આઈપીએસ  સહિતના અધિકારીઓએ પણ ભાગ લઈ રહ્યાં છે.

ધ્યાન કેન્દ્રીત કરવામાં મદદરૂપ રાયફલ શૂટિંગને પ્રાધાન્ય આપવા સરકાર પણ સીઓઇ તેમજ એક્સિલન્સી જેવા કેમ્પો કરીને શૂટર્સોને આગળ વધવામાં ધણી સહાયતા પૂરી પાડી રહી છે.

ઉલ્લેખનીય છે કે  સ્કૂલ ડિસ્ટ્રિક્ટ શૂટિંગ કોમ્પિટિશન, સ્ટેટ શૂટિંગ કોમ્પિટિશન ધણી વિવિધ શૂટિંગ કોમ્પિટિશનોનું દર વર્ષે આયોજન ખેલાડીઓ કરવામાં આવે છે.

------------

# PORBANDAR-MARKET YARD AAVAK

પોરબંદર જિલ્લામાં ખેડૂતોએ શિયાળુ પાકનું પુષ્કળ વાવેતર કર્યું હતું. જેના ફળ સ્વરૂપે પોરબંદરના માર્કેટયાર્ડમાં પ્રતિદિન સરેરાશ 8 હજાર કિલો જીરૂ અને ચાર હજાર કિલો ધાણાની આવક થઇ રહી છે. માર્કેટ યાર્ડમાં ખેડૂતોને જીરૂના પ્રતિ મણ 3 હજારથી 6 હજાર 200, જ્યારે ધાણાના પ્રતિ મણ એક હજારથી 1 હજાર 445 રૂપિયા ભાવ મળી રહ્યા છે.

જિલ્લામાં આ વર્ષે શિયાળુ પાકનુ એક લાખ 13 હજાર 933 હેક્ટરમાં વાવેતર નોંધાયું છે. હાલ ખેડૂતો લલણી પ્રક્રિયામાં જોડાઇ ગયા છે.

....................................

# TAPI-PALASH PARV

તાપી જિલ્લાની વ્યારા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે “ પલાશ પર્વ” હોળી  મહોત્સવ 2024ની રંગેચંગે ઉજવણી કરવામાં આવી. જેમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી  સહિતના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

આ પર્વની ઉજવણી દરમિયાન નગરજનોએ આદિવાસી સમુદાયની પરંપરાગત વાનગીઓ, સંગીત કળા, નૃત્યકળા તથા વાદ્યકળા નિહાળી હતી.

આ તકે જિલ્લા કલેક્ટરે આનંદની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આદિવાસી સમુદાયની સાંસ્કૃતિક વિરાસત અને તેમની અનોખી પંરપરાની ઝલક નિહાળવાનું ઉત્તમ માધ્યમ એટલે પલાશ પર્વ..

....................................

# SAFAI ABHIYAN

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આજે સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યું.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વેરાવળ અને પાટણ નગર દ્વારા પ્રભાસ પાટણ સોમનાથના ત્રિવેણી ઘાટની સફાઇ કરવામાં આવી. આ સેવા સપ્તાહ સફાઇ કરવામાં આવી. આ સેવા સપ્તાહ સફાઇ અભિયાન 18 થી 25 માર્ચ સુધી ચાલશે. લોકો સ્વચ્છતાને જીવનશૈલી તરીકે અપનાવે તે હેતુસર આયોજીત આ સફાઇ અભિયાનમાં વેરાવળ નગરના સંઘચાલક પ્રફુલ્લ હરિયાણી સહિત મોટી સંખ્યામાં સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

પાટણ જિલ્લાના રોટરી ક્લબ ઓફ પાટણનો ચાર્ટર દિવસ નિમિત્તે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરાઇ જેમાં પાટણ એ.પી.એમ.સી. ના 600 જેટલા શ્રમયોગીઓને ખેસ અને પીવાના પાણીની બોટલોનું વતરણ કરાયું હતું.

મોરબી શહેરને સ્વચ્છ બનાવવા નગરપાલિકા તંત્રએ વિવિધ કામગીરીઓ આદરી છે. જેના ભાગરૂપે આડેધડ કચરો ફેંકનારા વેપારીઓને દંડનીય કાર્યવાહીની ચેતવણી અપાઇ હતી.

-------------------

**JEEmain Exam**

ઈજનેરી કોલેજમાં પ્રવેશ માટેની JEE મેઈનના બીજા તબક્કની પરીક્ષા એપ્રિલ  માસમાં યોજાશે.

ઉલ્લેખનીયે છે કે, JEE મેઈન સેશનના બીજા તબક્કાની પરીક્ષા માટે 12 લાખ જેટલાં વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. આ પરિક્ષાના પ્રવેશપત્ર અંગે ટૂંક સમયમાં વેબસાઈટ પર માહિતી જાહેર કરાશે. પરિક્ષાલક્ષી અન્ય માહિતી વિદ્યાર્થીઓ  જે.ઇ.ઇ. મેઇન ડોટ એનટીએ ડોટ એસી ડોટ ઇન પરથી મેળવી શકશે.

------